ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૦ ટકા

# શહેરમાં સુગર ફ્રી વસાણા ઓન ડિમાન્ડ

## અડધિયા, મેથી, આદુપાક સાથે ઓટસ અને મલ્ટીગ્રેઈન સુખડી શહેરની ગૃહિણીઓ બનાવી રહી છે

ગાંધીનગર, તા.૧૦

શિયાળાની મોસમ જામી છે અને હાલના દિવસોમાં શહેરીજનો કોરોનાને કારણે થોડા વધુ જ હેલ્થ કોન્શીયસ થઈ ગયા છે ત્યારે શિયાળાના વસાણા કેમ ભૂલાય? ઠંડી સામે રક્ષણ મેળવવા માટે ગૃહિણીઓ દર શિયાળામાં આરોગ્યવર્ધક વસાણા બનાવતી હોય છે. પુરૂષો માટે ગુંદરપાક, બહેનો માટે મેથીપાક અને બાળકો માટે અડધિયા દર વર્ષે બનતા હોય છે. શહેરના ઘરે ઘરે તથા ઘરે બનાવતા બહેનો પાસેથી પણ શહેરીજનો હોમમેઈડ વસાણા ખરીદી રહ્યા છે. તમામનો ભાવ ૫૦ થી લઈ ૧૦૦૦ રૂપિયા સુધીનો છે. જેમાં બદામ લાડુ, અડધિયા, મેથી અને આદુપાક, મલ્ટીગ્રેઈન સુખડી, બાળકો માટે ચોકલેટ અને માવાના અડધિયા જેવી અનેક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે અને બીજી બાજુ કોરોનાએ પણ શહેરીજનોને હેરાન કરી દીધા છે ત્યારે હેલ્થી વે તરફ વળવા માટે આરોગ્યવર્ધક વસાણા આરોગવા માટે શહેરીજનો તત્પર છે. શહેરની ગૃહિણીઓ કોરોનાના લોકડાઉન સમયમાં સેલ્ફમેઈડ બની ગઈ છે અને પોતાની કિચન સ્કિલ્સને અર્નિંગ સાઈટ તરફ લઈ જઈ રહી છે. પહેલા ફકત ઘરના સભ્યો માટે જ વસાણા બનાવતી શહેરની અનેક બહેનોએ હોમમેઈડ વસાણા બનાવી તેનું વેચાણ કરવાની પણ શરૂઆત કરી છે. જેમાં બદામ લાડુ, અડધિયા પાક, મેથીપાક, આદુપાક, ખજૂર લાડુ, મલ્ટી ગ્રેઈન સુખડી, ઓટસની સુખડી, ડ્રાયફ્રુટ ચીક્કી, ગુંદરપાક ઉપરાંત અનેક ચીજો શહેરની બહેનો બનાવી રહી છે.

| વસાણા | ભાવ(૧કિલો) |
|---|---|
| બદામ લાડુ | ૯૫૦ રૂપિયા |
| અડદિયા | ૬૦૦ રૂપિયા |
| મેથી પાક | ૬૦૦ રૂપિયા |
| આદુ પાક | ૫૫૦ રૂપિયા |
| ખજૂર પાક | ૫૫૦ રૂપિયા |
| ગુંદર પાક | ૬૦૦ રૂપિયા |
| મલ્ટી ગ્રેઇન સુખડી | ૫૫૦ રૂપિયા |
| ઓટ્સ સુખડી | ૫૫૦ રૂપિયા |
| ડ્રાય ફ્રૂટ ચીકી | ૫૦૦ રૂપિયા |



હાલના દિવસોમાં કોરોનાને કારણે શહેરીજનો ખાંડ એવોઈડ કરી રહ્યા છે ત્યારે સુગર ફ્રી વસાણા ઓન ડીમાન્ડ છે. દેશી ગોળથી વસાણા બનાવવાની રીત પણ શહેરની ગૃહિણીઓએ વિકસાવી દીધી છે.

વસાણામાં ખાસ પીપરીમૂળ, સૂંઠ, કાળી મૂસળી, ધોળી મૂસળી, જાયફળ, જાવંતરી, શતાવરી, અશ્વગંધા, મરી, એલચી, તજ, એલચા વાવડી સાથે સૂંઠની ગોળીમાં શીતોફલાદીનો ઉપયોગ થાય છે.

કોરોના કાળમાં સૂંઠની ગોળી હાલ ટ્રેન્ડમાં છે. જે દેશીગોળ, ઘી, સૂંઠ સાથે શીતોફલાદી પાવડર સાથે બને છે. આ ઉપરાંત બાળકો માટે અડધિયામાં ચોકલેટ સાથે વિવિધ ફ્લેવર પણ ઉમેરી ગૃહિણીઓ વસાણા બનાવે છે. વેઈટ મેનેજમેન્ટ કરતા શહેરીજનો માટે ખાસ મલ્ટી ગ્રેઈન સુખડી અને ઓટસની સુખડીની રેસીપી બેસ્ટ છે. આ વર્ષે કોરોનાને કારણે શિયાળાના વસાણાની ડિમાન્ડમાં વધારો થયો છે તેમ શહેરના આ હોમબીઝનેસ સાથે જોડાયેલ ગૃહિણીઓનું કહેવું છે. ઉપરાંત મેથીપાક અને ગોળના અડધિયા શહેરીજનોની ખાસ ડિમાન્ડ છે.



દેશી ટેકનોલોજી કહો કે જુગાડ કહો પરંતુ હાથલારી ફેરવવાની ઝંઝટ અને મહેનતમાંથી મુકિત મેળવવા આ શ્રમજીવીએ પોતાના મોપેડની પાછળ લારીને એવી સરસ રીતે ગોઠવી દીધી છે કે જોનારાને ચોકકસ આશ્ચર્ય થાય. મોપેડ લારીના કારણે આ શ્રમજીવીને વધુ શ્રમ કરવામાંથી મુકિત મળી છે અને વેપાર પણ ખૂબ સારો થાય છે.

## સે-૨૨માં 'જ' ટાઈપના સરકારી આવાસના દરવાજાનો નકુચો તોડી ૪૪ હજારની મતાની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં ચોરી-ચકારીની ઘટનાઓ તો જાણે સામાન્ય બની ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે અને હવે તો તસ્કરો પોલીસકર્મીઓના મકાનોના તાળા તોડતાં પણ અચકાતા નથી. શહેરના સેકટર-૨૨માં 'જ' ટાઈપમાં રહેતા અને એસઆરપીની સલામતી શાખામાં સચિવાલય ખાતે પીએસઓ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મીના બંધ ઘરના તાળા તોડી અજાણ્યા તસ્કરોએ રૂ. ૪૪ હજારની મત્તાની ચોરી કરી છે.

શહેરના સેકટર-૨૨માં જ ટાઈપ સરકારી આવાસમાં મકાન નં. ૮૫/૫માં રહેતા પ્રવિણભાઈ પુરૂષોત્તમદાસ રોહીત જેઓ મૂળ સંખેડા તાલુકાના રતનપુર (કમારજ) ગામના વતની છે અને ગાંધીનગર ખાતે એસઆરપીની ગૃપ-૧૨માં ભર્તી થઈને સચિવાલયના બ્લોક નં.૮ ખાતે સલામતી શાખામાં પીએસઓ તરીકે ફરજ બજાવે છે. તેઓ તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે પોતાના પરિવાર સાથે સામાજિક કામે વડોદરા ખાતે ગયા હતા અને તા. ૯મી ડિસેમ્બર બુધવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે પરત ફર્યા ત્યારે જોયું કે તેમના મકાનના મુખ્ય દરવાજાનો તાળા વાળો નકુચો તુટેલો હતો અને ઘરમાં બધો સામાન વેરવિખેર પડયો હતો. તેમજ ઘરમાંથી ટીવી ગાયબ હતું તથા બે તિજોરીઓ ખુલ્લી પડી હતી. તેમણે ઘરમાં તપાસ કરતા માલુમ પડયું હતું કે ઘરમાંથી ૪૨ ઈંચના ટીવી ઉપરાંત, ચાંદીનો ઝુડો નંગ-૧, ચાંદીના સિક્કા નંગ-૮, એક મોબાઈલ સહિત રૂ. ૧૫૦૦ રોકડાની ચોરી થવા પામી છે. આ બાબતે તેમણે સેકટર-૨૧ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

## માહિતી ખાતામાં છને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી

ગાંધીનગર, તા.૧૦

માહિતી નિયામકની કચેરીમાં અધિક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારી અગ્રણી દિનેશ ચૌહાણ સહિત છ કર્મચારીઓને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી આપવામાં આવી છે.

માહિતી નિયામકશ્રીની કચેરીમાં સહાયક માહિતી નિયામક (વહીવટ)ની બઢતી બદલીના હુકમ કરવામાં આવ્યા છે. માહિતી નિયામકશ્રીની કચેરીમાં સમાચાર શાખામાં અધિક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારી આગેવાન દીનેશ ચૌહાણને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી આપવામાં આવે છે. તેઓને જિલ્લા માહિતી કચેરી, હિંમતનગર



મુકવામાં આવ્યા છે. તેજ રીતે કુ. બી.આર. રાણાને વડોદરા, પ્રકાશન શાખામાં ફરજ બજાવતા કિર્તી જે. પરમારને મહેસાણા, શ્રીમતી એલ.જે. અકકરાપટ્ટાઈકલને વહીવટ શાખામાં, કવસિંગ પરમારને સુરત અને યુ.સી. વાઘેલાને ભરૂચની કચેરી ખાતે સહાયક માહિતી નિયામક તરીકે બઢતી સાથે બદલી કરી મુકવામાં આવ્યા છે.

# તમારી દિકરીને કહો મારી સાથે ગેમ રમે નહીંતર તેનો ફોટો ફેસબુક પર અપલોડ કરી દઈશ!

## અજાણ્યા ગૃપમાં ઓનલાઈન ગેમ રમતા સગીર બાળકો માટે લાલબત્તી સમાન કિસ્સો

ગાંધીનગર, તા.૧૦

'તમારી દિકરીને કહો કે મારી સાથે ઓનલાઈન ગેમ રહે, નહીતર હું તેનો ફોટો ફેસબુક પર અપલોડ કરી દઈશ.' આ પ્રકારની ધમકી સાથે એક પિતાને અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો અને તેની ધમકીને તાબે ના થતાં આ શખ્સે તેમની સગીર દિકરીનો ફોટો ફેસબુક પર ખોટા નામના એકાઉન્ટથી અપલોડ કરી સાથે અભદ્ર લખાણ ફોન નંબર સાથે લખી વાઈરલ કરી દેતા પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ગાંધીનગરમાં સમાવિષ્ટ કોટેશ્વર ખાતે એક સગીરા સાથે બનેલી આ ઘટના સમાજ માટે ખૂબ જ ચિંતાજનક અને આંખ ઉઘાડનારી છે. આજના સમયમાં સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટ કુમળી વયના બાળકોના હાથમાં આવી જતા બાળસહજ રીતે ઓનલાઈન ગેમ રમવા પ્રેરાય છે અને જેના પગલે આ પ્રકારની જાળમાં બાળકો ફસાઈ જાય છે. આ ઘટના હવે સગીર બાળકોના મા-બાપ માટે લાલબત્તી સમાન છે જેઓના બાળકો સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટનો ઉપયોગ વિચાર્યા વગર કરે છે. કોટેશ્વર ખાતે રહેતી ૧૪ વર્ષની સગીરા ત્રણેક માસથી ઓનલાઈન ઓલા પાર્ટી ગેમ રમતી હતી અને તે જે ગૃપમાં આ ગેમ રમતી હતી તેમાં કપીલ શર્મા નામનો વ્યકિત સામેલ હતો જે આ સગીરાને ફ્રેન્ડશીપ કરવા દબાણ કરતો હતો જેથી કંટાળીને સગીરાએ ગેમ રમવાનું બંધ કરી દીધું હતું. સગીરાએ ગેમ રમવાનુ બંધ કરી દેતા અકળાયેલા આરોપીએ ફોન કર્યો હતો જે સગીરાને માતાએ ઉપાડયો હતો જેને પેલા શખ્સે જણાવ્યું કે તમારી દિકરીને મારી સાથે ઓલા પાર્ટી ગેમ રમવાનું કહો. આ વાતની જાણ માતાએ સગીરાના પિતાને કરી હતી અને બીજીવાર ફરીથી ફોન આવતા પિતાએ ફોન ઉપાડયો હતો ત્યારે પેલા શખ્સે ધમકી આપી કે જો તમારી દિકરી મારી સાથે ગેમ નહી રમે તો હું તેનો ફોટો ફેસબુક પર અપલોડ કરી દઈશ. આથી પિતાએ તેને ધમકાવી ફોન કટ કરી દીધો હતો.

આ પછી પિતાએ દિકરીને પુછતા તેણે સઘળી હકીકત પિતાને જણાવી હતી. આ પછી તેમને મોબાઈલ પર એક ફેસબુકની લિંક મળી હતી જેમાં ભળતા નામથી તેમની દિકરીનો ફોટો અપલોડ કરેલો હતો જે દિકરીના ઈન્સ્ટાગ્રામ પરથી લેવામાં આવ્યો હતો અને આ ફોટા સાથે સગીરાનો ફોન નંબર અને અભદ્ર લખાણ લખેલું હતું. આ જોઈ ચોંકી ઉઠેલા પિતાએ અડાલજ પોલીસ સ્ટેશને કાનપુરના કપીલ શર્મા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી જે સંદર્ભે પીઆઈ ધર્મેન્દ્ર ચૌધરીએ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



વરસાદ બાદ શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. મચ્છરોના વધતા ઉપદ્રવથી વસાહતીઓ કંટાળ્યા છે. સેકટર-૭ પોલીસ મથકમાં મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે દેશી પધ્ધતિ અપનાવવામાં આવી છે. ધુમાડો કરીને મચ્છરોને ભગાડવામાં આવી રહ્યા છે.

## સે-૨૪માંથી લેપટોપ બેગમાં વિદેશી દારૂની ખેપ મારતો યુવાન ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૨૪માં જુના હોલસેલ માર્કેટ પાસેના ઈડન ગાર્ડન નજીકથી પોલીસે બાતમીના આધારે આકાશ રાજેન્દ્રપ્રસાદ ત્રિવેદી ઉ.વ. ૩૬ નામના શખ્સને ઝડપી લીધો છે જેની પાસેથી એક કોલેજ બેગ તથા લેપટોપ બેગમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૧૮ જેની કિંમત રૂ. ૪૮૬૨ મળી આવી હતી. આ શખ્સ નાના ચિલોડાની સંકલ્પ સોસાયટીનો રહેવાસી છે અને પરમીટ વગર વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની કુલ ૧૮ નંગ બોટલ સાથે પસાર થઈ રહ્યો હતો ત્યારે સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના આસીસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેકટર અલ્પેશસિંહ ભરતસિંહના હાથે ઝડપાયો હતો. જેની સામે પોલીસે પ્રોહિબિશન એકટની કલમ-૬૫ એ એ, ૧૧૬(બી) મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. અમીત લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ. ૬૨, સે-૨૮, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. મનુભાઈ શંકરભાઈ સલાટ, ઉ.વ. ૩૫, સે-૧૦, મીનાબજાર, ગાંધીનગર
- સ્વ. સોલંકી કમુબેન ડાહ્યાજી, ઉ.વ. ૬૨, ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. દવે પ્રમોદરાય વ્રજલાલ, ઉ.વ. ૮૪, નવા વાડજ, અમદાવાદ
- સ્વ. ભારતીબેન વિનોદચંદ્ર સોની, ઉ.વ. ૮૮, સુભાષબ્રીજ, અમદાવાદ
- સ્વ. વાઘેલા ગીરવતસિંહ ભગવતસિંહ, ઉ.વ. ૫૧, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. ડાભી પુંજાજી જીવાજી, ઉ.વ. ૭૭, ખોરજડાભી, તા. કલોલ
- સ્વ. પરમાર ગીરીશ બાબુલાલ, ઉ.વ. ૬૨, વાવોલ, ગાંધીનગર
- સ્વ. ગીરજાશંકર જટાશંકર ભટ્ટ, ઉ.વ. ૯૦, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. જગતસિંહ ફતેસિંહ મકવાણા, ઉ.વ. ૬૩, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. ઠાકોર જડીબેન જેણાજી, ઉ.વ. ૭૦, ચાંદીસણા, જી. ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ.વિહોલ કૈલાસબેન સુરેશજી, ઉ.વ. ૪૮, પીલવાઈ, તા. વિજાપુર, મહેસાણા
- ડાહ્યાભાઈ રત્નાભાઈ રાઠોડ, ઉ.વ. ૭૯, વાવોલ, કુબેરનગર, ગાંધીનગર
- સ્વ. રાજપુત બનવારીભાઈ રઘુનાથ, ઉ.વ. ૭૨, કોબા, ગાંધીનગર
- સ્વ. કિશોરચંદ્ર ઠાકોરલાલ શાહ, ઉ.વ. ૮૬, સેકટર-૧, ગાંધીનગર
- સ્વ. બિપીનભાઈ કાનજીભાઈ ઠક્કર, ઉ.વ. ૬૪, સેકટર-૧૪, ગાંધીનગર

# કલોલના શિક્ષક દ્વારા નાના બાળકોના ૯૦ જેટલા શૈક્ષણિક વિડીયો બનાવાયા

## શાળા બંધ છે પરંતુ શિક્ષણ ચાલુ છે સૂત્ર સાથે શૈક્ષણિક કાર્ય કાર્યરત






ગાંધીનગર, તા.૧૦

કોરોનાની મહામારીને કારણે દેશના નાના મોટા ધંધા રોજગાર બંધ થયા છે સાથે બાલમંદિર, આંગણવાડી, શાળા, કોલેજો પણ ઘણા દિવસથી બંધ છે અને સમગ્ર બાળકોનું શૈક્ષણિક ભવિષ્ય પણ જોખમમાં મુકાયુ છે. આ સમયે ઓનલાઈન શિક્ષણે બાળકોના ભણતરને આગળ વધારવામાં ફાળો આપ્યો છે. જે સંદર્ભે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ડીંગુચા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા જીજ્ઞાસાબેન પ્રજાપતિ દ્વારા નાના ધોરણ-૧ અને ૨ના ભૂલકાઓ માટે બાળકોને ઓનલાઈન શિક્ષણ મળી રહે તે હેતુથી ૯૦ જેટલા ભણતરલક્ષી વિડીયો બનાવી બાળકોને શિક્ષણ આપવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

સરકાર સંચાલિત બાયસેગના માધ્યમથી આ ઓનલાઈન શિક્ષણનો લાભ સમગ્ર ગુજરાતના ભૂલકાંઓને આપવા માટે પ્રયત્નશિલ છે ત્યારે આ બાળકોને ફકત શિક્ષણ જ નહિ પરંતુ રમત રમતા શીખવું અને જોયફુલ સેટરડે કાર્યક્રમ અંતર્ગત દર શનિવારે બાળકોને મનગમતા આર્ટ એન્ડ ક્રાફટ બાયસેગના માધ્યમથી ઓનલાઈન શીખવવામાં આવે છે જેનો લાભ સમગ્ર ગુજરાતના છેવાડાના ગામના નાના ધોરણ-૧ અને ૨ના બાળકો લે છે.

ઉલ્લેખનીય છે કે આ શૈક્ષણિક વિડીયો બનાવનારા જીજ્ઞાસાબેન પ્રજાપતિ દ્વારા ધોરણ-૧અને ૨ના બાળકો માટે ૯૦ જેટલા વિડિયો વિવિધ TLM બનાવાયા છે જે યુ ટયુબ ચેનલ અને વોટસઅપના માધ્યમ ઉપરાંત ઘરે ઘરે જઈને સૂત્ર 'શાળા બંધ છે પરંતુ શિક્ષણ ચાલુ છે' સાથે કાર્યરત છે.

# આઈઆઈટી ગાંધીનગર સંશોધનકારોએ અવકાશ અને સંરક્ષણ કાર્યક્રમોમાં વપરાતા ઈંધણ માટે નેનો-એડિટિવનો એક નવો વર્ગ વિકસાવ્યા

## પરંપરાગત એડિટિવ્સ દ્વારા લેવામાં આવેલા કુલ વજનના ૩૦% જેટલા બોરોન-આધારિત જયારે નેનો-એડિટિવ કુલ વજનના માત્ર ૧% લે છે અને જગ્યામાં વધુ પેલોડ વહન કરવામાં મદદ કરી શકે છે










ગાંધીનગર, તા.૧૦

ભારતીય ટેકનોલોજી ગાંધીનગર (આઈઆઈટીજીએન)ના સંશોધનકારોની ટીમે પ્રો.કબીર જસુજા (એસોસિએટ પ્રોફેસર, કેમિકલ એન્જિનિયરિંગ), પ્રો.ચિન્મય ઘોરોઇ (બી.એસ. ગેલોટ ચેર પ્રોફેસર, કેમિકલ એન્જિનિયરિંગ) અને પીએચડીની વિદ્યાર્થી હરિની ગુંડાનીએ રચના કરી છે જગ્યા અને સંરક્ષણ એપ્લિકેશનોમાં ઉપયોગમાં લેવાતા ઇંધણ માટે નેનો-એડિટિવ્સનો નવા વર્ગની. આ નવા વર્ગના નેનો-એડિટિવ્સના પરિણામે રોકેટ પ્રોપલ્શન સિસ્ટમ્સમાં ઉપયોગમાં લેવામાં આવતા નક્કર પ્રોપેલેન્ટ્સની કામગીરીમાં ઉત્તમ વૃદ્ધિ થાય છે અને વધારાના પેલોડ / ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં લઈ જવામાં પણ મદદ કરી શકાય છે.

વિશ્વના ઘણા દેશો અવકાશ મિશનમાં તેમની ક્ષમતાના વિકાસમાં આગેવાની લેવાની નજર રાખી રહ્યા છે. સ્પેસ ટેક્નોલોજીમાં વધુ આત્મનિર્ભર થવાનું દેશનું લક્ષ્ય હોવાથી ભારતે પોતાનો અવકાશ કાર્યક્રમ પણ વધુ દૃશ્યમાન અને સક્રિય બનાવ્યો છે. બહુવિધ પાસાઓનો સંપૂર્ણ સંશોધન કરવામાં આવી રહ્યું છે જે એક સફળ અને આર્થિક મિશન તરફ દોરી શકે છે. બળતણ એ તે જટિલ પરિમાણોમાંનું એક છે. રોકેટ્સ અને મિસાઈલોમાં, 'નક્કર પ્રોપેલેન્ટ્સ' નો ઉપયોગ બળતણ તરીકે થાય છે. સોલિડ પ્રોપેલેન્ટ્સ એ બળતણ અને ઓક્સિડાઈઝરનું મિશ્રણ છે. ઉપગ્રહોને ઉપાડવા માટે ઈસરોનું પ્રખ્યાત પીએસએલવી લોંચ વાહનો હોય કે ડીઆરડીઓની એજીએનઆઈ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ, બધા બળતણ તરીકે નક્કર પ્રોપેલેન્ટ દ્વારા સંચાલિત છે. એમોનિયમ પેર્ક્લોરેટ (એપી) એક એવું એનર્જીસભર બળતણ છે જેનો ઉપયોગ રોકેટ પ્રોપલ્શન સિસ્ટમમાં વ્યાપકપણે થાય છે. જો કે, સોલિડ પ્રોપેલેન્ટ્સને તેમના બર્નિંગ રેટ, પ્રભાવને સુધારવા અને બળતણની મેકિસમમઉર્જાને વધારવા માટે સામાન્ય રીતે બહુવિધ ઉમેરણોની જરૂર પડે છે.

પરંપરાગત રૂપે, એપીમાં તેની કામગીરી સુધારવા માટે ઘણા ઉમેરણો ઉમેરવામાં આવે છે. આ ઉમેરણોમાં બળતણના કુલ વજનના ૩૦% જેટલો સમય લાગી શકે છે. બોરોન તે બળતણના ઉમેરણોમાંથી એક છે, પરંતુ નિષ્ક્રિય બોરોન ઓકસાઈડ સ્તરની રચનાને કારણે તે ગંભીર ઈગ્નીશન વિલંબ અને ઓછા બર્નિંગ રેટનો સામનો કરે છે.

આ મુદ્દાને દૂર કરવા માટે, આઇ.આઈ.ટી. ગાંધીનગરમાં કેમિકલ એન્જિનિયરિંગ વિભાગમાં પ્રોફેસર કબીર જસુજા સાથે પીએચડીની વિદ્યાર્થી શ્રીમતી હરિની ગુંડાએ નોંધપાત્ર રીતે કાર્યક્ષમ બોરોનથી સમૃદ્ધ નેનો-એડિટિવ વિકસિત કર્યું છે. તેનો ઉપયોગ પ્રોપેલેન્ટમાં પરંપરાગત રૂપે આવશ્યક એવા બહુવિધ એડિટિવ્સના એક વિકલ્પના રૂપમાં થઈ શકે છે. વધુ પ્રભાવશાળી બાબત એ છે કે આ નેનો-મટિરિયલ કુલ વજનના માત્ર ૧% લે છે.